પરિશ્રમ એ પ્રાર્થનાનું જ બીજું સ્વરૂપ છે
- સંત બેનેડિક્ટ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૧૩, શનિવાર; ફાગણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સે. ૨૦માં મોડીરાત્રે રહસ્યમય આગ

સિવિલ ડિફેન્સના ડેપ્યુટી સેક્રેટરીના બંગલાની બહાર પડેલી ગાડીના કાચમાં તોડફોડ : બાઈક પણ તૂટેલું પડ્યું હતું : આગમાં ફસાયેલા બેને બચાવી લેવાયા : રહસ્યમય આગ અંગે તપાસ આરંભાઈ

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૫

શહેરના સેક્ટર-૨૦ ખાતે ગ-૧ ટાઈપ બ્લોક નં. ૬/૩ ખાતે રહેતા સીવીલ ડીફેન્સનાં ડેપ્યુટી સેક્રેટરીના બંગલે આજે રાત્રે રહસ્યમય સંજોગોમાં આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ થતા ફાયર ફાયટર સાથે કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને બંગલામાં ફસાયેલા બે વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા. બંગલાની બહાર પડેલી ગાડી અને બાઈકમાં પણ તોડફોડ થયેલી હતી. અંદરો અંદર કોઈ બાબતે માથાકુટ થયા બાદ આ રહસ્યમય ઘટના બની હોવાનું જણાઈ આવ્યું છે. સે. ૨૧ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

સેક્ટર-૨૦ના ગ-૧ ટાઈપ બ્લોક નં. ૬/૩માં સીવીલ ડિફેન્સના ડેપ્યુટી સેક્રેટરી વી. એફ. કામોલ રહે છે. આજે રાત્રે તેમના સરકારી બંગલે એકાએક આગ લાગતા ગાંધીનગર ફાયર બ્રિગેડને કોલ મળ્યો હતો. ફાયર ઓફીસર મહેશ મોડ તેમના કાફલા સાથે સ્થળ પર પહોંચ્યા તે જ સમયે બંગલામાંથી ત્રણેય વ્યક્તિઓ ગાડી લઈને નીકળી ગયા હતા. ફાયર બ્રિગેડના ચિનુભાઈ દેસાઈ અને સૈયદભાઈ શેખે બન્ને માળે લાગેલી આગને કાબુમાં લેવા પાણીનો મારો ચાલુ કર્યો ત્યાં બંગલામાં બે વ્યક્તિઓ ફસાયેલા હોવાનું જાણવા મળ્યું હતું. સળગતા રૂમમાં ઘુસીને અનીલ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લા પંચાયતનું બજેટ સર્વાનુમતે મંજૂર

કૃષિ, પશુપાલન, આરોગ્ય, બાંધકામ અને શિક્ષણની જોગવાઈઓમાં માતબર સુધારાઓ સાથે અંદાજપત્ર રજુ કરાયું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભાએ પંચાયતનું વર્ષ-૨૦૧૨-૧૩નું સુધારેલુ તેમજ ૨૦૧૩-૧૪નું પુરાંતલક્ષી બજેટ તથા મનરેગાનું લેબર બજેટ સર્વાનુમતે પસાર કર્યું હતું.

આજની આ સામાન્ય સભામાં પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલે વર્ષ-૨૦૧૩-૧૪નું પુરાંત ધરાવતુ બજેટ રજુ કરી ૪ જેટલી નવી બાબતો પણ રજુ કરી હતી જેને સભ્યોએ પાટલીઓ થપથપાવી વધાવી લીધી હતી.

તેમણે બજેટ રજુ કરતાં જણાવ્યું હતું કે પંચાયતની આવક મર્યાદિત હોવા છતાં ૨૦૧૩-૧૪ના બજેટમાં તમામ ક્ષેત્રોને આવરી લઈ સૌનો સાથ સૌનો વિકાસ સાચા અર્થમાં

● અનુસંધાન પાન-૭ પર

કાર્યપાલક ઈજનેરને ફરજીયાત રજા પર ઉતારી વિભાગમાં પરત મોકલવા પ્રસ્તાવ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેરશ્રી રાણાને ફરજીયાત રજા પર ઉતારી દઈ તેમનો કાર્યભાર અન્ય અધિકારીને સોંપી તેમને વિભાગમાં પરત મોકલવાની તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવા માટે જિલ્લા વિકાસ અધિકારીને સત્તા આપતો વિવાદાસ્પદ પ્રસ્તાવ આજે પંચાયતની સામાન્ય સભાએ બહુમતિથી પસાર કરતાં પંચાયતના વર્તુળોમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

જિલ્લા પંચાયતની ૧/૧૩માં મળેલ બાંધકામ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધમાં અધ્યક્ષની સહિ

● અનુસંધાન પાન-૭ પર

પંચાયતના મકાન માટે જમીન પ્લોટ ફાળવો

મકાન અમે સ્વ ભંડોળમાંથી બનાવીશું : અમીત ચૌધરી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયત માટે જમીન નહિ ફાળવતી સરકાર ગ્રામીણ ગરીબોને આવાસ માટે કયાંથી જમીન ફાળવશે તેવો મુદ્દો ઉપસ્થિત કરી આજે રાજય વિધાનસભા ગૃહમાં કોંગીના શ્રી અમીત ચૌધરીએ પોતાના

● અનુસંધાન પાન-૭ પર

વાસ્તવદર્શી પુરાંત ધરાવતુ બજેટ : કોંગ્રેસ

શિક્ષણ ક્ષેત્રે સી.સી. કેમેરા, પંચાયતોને પીવાના પાણીની સુવિધા માટે સહાય કરવા ૪૦ લાખની જોગવાઈ અંદાજપત્રમાં કરાઈ છે : ખેતી અને પશુપાલનમાં પણ વધુ ફાળવણી કરાઈ છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતનું બજેટ વિકાસને વેગ આપનારૂ તેમજ વાસ્તવદર્શી પુરાંતવાળુ અંદાજપત્ર હોવાનો દાવો કોંગ્રેસના આગેવાનોએ કર્યો છે.

પંચાયતના સભ્યો શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા, શ્રી અરવિંદસિંહ સોલંકી, શ્રી અજીતસિંહ રાઠોડ, શ્રીમતિ હીના પટેલે જણાવ્યું છે કે આ બજેટમાં પંચાયતના મકાન માટે જગ્યા નહિ ફાળવતી સરકારે અન્યાયની પરંપરા ચાલુ રાખી છે અને એટલે જ અમારે હવે જગ્યા નહિ હોવાથી મકાનના વિસ્તરણનો વિકલ્પ વિચારવો પડ્યો છે.

આરોગ્ય ક્ષેત્રે રૂ. ૩૦ લાખની જંગી જોગવાઈનો વધારો કરવામાં આવ્યો છે. વ્હાલસોયા બાળકો ગુમ થવાની ઘટનાઓ નિયંત્રિત કરવા માટે પ્રા. શાળાઓમાં સી.સી. કેમેરા ટી.વી. સ્વભંડોળમાંથી જોગવાઈ કરી પ્રજાની સુરક્ષાની ચિંતા કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

પંચાયતનું બજેટ દિશાહીન અને વિકાસ વિહોણું : ભાજપ

પદાધિકારીઓને માટે તિજોરી ખુલ્લી પણ ગ્રામીણ માર્ગ-મકાન માટેની ફાળવણી નહિવત, ગોલમાલની બદબૂ આવે છે : જયેશ પટેલ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતનું વર્ષ-૨૦૧૩-૧૪નું બજેટ દિશાહીન અને આંકડાઓની માયાજાળ રચી વિકાસ વિહોણુ હોવાનું ભાજપના સભ્યોએ જણાવ્યું છે.

બજેટમાં માત્ર આંકડાની માયાજાળ છે : શકુંતલાબેન પટેલ

પંચાયતના વિપક્ષી નેતા શકુંતલાબેન પટેલે આ બજેટમાં કોઈ જ નવી વાત નહિ કરાયાની તેમજ સ્થાનિક કરની આવકમાં ઘટાડો થવાની કરાયેલી વાત અંગે આશ્ચર્ય પ્રગટ કર્યુ હતું. તેમણે જણાવ્યું છે કે બજેટમાં માત્ર ને માત્ર આંકડાઓની માયાજાળ રચવામાં આવી છે. વિકાસની કોઈ જ વાત રજુ કરવામાં આવી નથી.

માણસાના ઈટાદરાનું પ્રતિનિધિત્વ કરતા યુવા સભ્ય શ્રી જયેશ પટેલે અંદાજપત્રના આંકડાઓ ખોટા હોવાનું જણાવી આક્રોશપૂર્ણ રીતે જણાવ્યું

● અનુસંધાન પાન-૭ પર

બુકીંગ ઓપન
ફ્લેટ / દુકાનો
ગાંધીનગર સરગાસણ ચોકડી બાજુમાં ૮૦ ફીટ રોડ, એસ.જી. હાઈવે, સ્વીમીંગ પુલ, ૧૦૦, ૧૦૬, ૧૩૮ અને ૧૪૦ વારના ફ્લેટો, દુકાનો બુકીંગ માટે મળો.
સંપર્ક : ૯૯૦૯૨ ૮૦૬૩૧
સંપર્ક : ૯૭૨૬૦ ૮૮૩૩૩

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

સ્ત્રી વેશમાં રાત્રે હાઈવે પર પહોંચીને લુંટ ચલાવતી ગેંગનો પર્દાફાશ

ટ્રક ડ્રાઈવરને આકર્ષીને અંધારામાં લઈ જઈ મારીને લુંટી લેવાની એમ.ઓ હતી : છત્રાલમાં થયેલા લુંટ વીથ મર્ડર કેશનો ભેદ ઉકેલાયા, ઉપરાંત અમદાવાદ, વડોદરા, બનાસકાંઠામાં પણ લુંટ ચલાવી હોવાની કબુલાત

ગાંધીનગર, તા.૧૫

રાત્રી દરમિયાન સ્ત્રી વેશમાં આવીને હાઈવે પર જતી ટ્રકોને ટાર્ગેટ બનાવી ટ્રક ડ્રાઈવરને આકર્ષ્યાં બાદ અંધારામાં લઈ જઈને લુંટ ચલાવતી ગેંગને ગાંધીનગર એલસીબીએ ઝડપી પાડી છે. તાજેતરમાં કલોલ તાલુકાના છત્રાલ વિસ્તારમાં આ ગેંગે ટ્રક ડ્રાઈવરને લુંટીને કલીનરને બાંધી દઈ ડ્રાઈવરને માર મારતા મોતને ભેટયો હતો. આ લુંટ વીથ મર્ડર કેસના પર્દાફાશ ઉપરાંત બરોડા, અમદાવાદ ગ્રામ્ય, પાલનપુર, બનાસકાંઠા સહિતના જિલ્લાઓમાં આ ગેંગે હાઈવે પર આ જ મોડસ ઓપરેન્ડીથી લુંટો ચલાવી હોવાનું ખુલવા પામ્યું છે. ગેંગના સાગરીતોની ધરપકડ કરીને એલસીબી પોલીસે સઘન પુછપરછ શરુ કરી છે.

કલોલ તાલુકાના છત્રાલ હાઈવે પર તાજેતરમાં લુંટ વીથ મર્ડરનો ગુનો બનવા પામ્યો હતો. રાત્રે સ્ત્રી વેશમાં આવેલી ગેંગે એક ટ્રક ડ્રાઈવરને ઈશારા કરીને આકર્ષી લીધો હતો. ડ્રાઈવરે ટ્રક ઉભી રાખતા તેને અંધારામાં લઈ જઈ માર માર્યો હતો અને કલીનરના હાથ પગ પણ બાંધી દઈ રૂ. ૨૪ હજાર લુંટી લેવામાં આવ્યા હતા. આ ગેંગે ડ્રાઈવરને મારતાં તેનું મૃત્યુ થઈ

● અનુસંધાન પાન-૭ પર